ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઉનાળાના આરંભે જ ઘ-૪થી મહાત્મા મંદિરના માર્ગે અનોખી રોનક

## ઠંડા પીણા, આઈસક્રીમ અને બરફ ગોળાની લારીઓ રાત્રે આ માર્ગ પર ખડકાઈ જાય છે મોડી રાત સુધી અહીં લોકોની અવરજવર રહે છે

ગાંધીનગર, તા. ૮

મહાત્મા મંદિર અને તેની સામેનો લેન્ડ સ્કેપ ગાર્ડન હરવા ફરવા માટે એક નવુ સ્થળ બની ગયું છે. ઉનાળો શરૂ થતા જ ઘ-૪થી મહાત્મા મંદિર સુધીના માર્ગેઅનોખી રોનક જોવા મળે છે. ગાંધીનગરાઓ આ માર્ગે મોડી રાત સુધી બેસી ઠંડી હવાની મોજ માણે છે.

ગાંધીનગરના હરવા-ફરવાના સ્થળોમાં હવે મહાત્મા મંદિરનું નામ ઉમેરાયું છે. મહાત્મા મંદિરની સામે ઘ-૪ સુધી વિશાળ લેન્ડસ્કેપ ગાર્ડન બનાવાયો છે. જો કે હજુ તે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો નથી. પરંતુ તેની આસપાસના બંને માર્ગો પર રાત્રે ગાંધીનગરાઓની ભારે ભીડ જોવા મળે છે. ખાસ કરીને ઉનાળો શરૂ થયા બાદ અહીંની રોનક વધી ગઈ છે. હાલમાં આંબેડકરના બગીચાનું રીનોવેશન ચાલુ હોઈ મહાત્મા મંદિર સામેના બગીચામાં વધુ ભીડ જોવા મળે છે.

ઘ-૪ થી મહાત્મા મંદિર સુધીના માર્ગે તો રાત્રે જાણે મેળો લાગ્યો હોય તેવુ દ્રશ્ય જોવા મળે છે. આઈસક્રીમ, ઠંડા પીણા અને બરફ ગોળાની કતારબંધ લાઈનોની આસપાસ લોકોની ભીડ જોવા મળે છે. માર્ગોની પાસે બનાવાયેલા વોક-વે પર લોકો વિવિધ રમતો રમતા નજરે પડે છે. કેટલાક વોકીંગ, જોગીંગ અને વિવિધ કસરતો કરતા પણ નજરે ચઢે છે. ઠંડી હવાની મોજ માણવા માટે મોડી રાત સુધી અહીં ગાંધીનગરાઓ અડ્ડો જમાવી દે છે. વેકેશન પડશે તે પછી અહીં વધુ ભીજ જામશે.



રામ જન્મોત્સવ - ભારતીય અસ્મિતાના પ્રતિક સમા ભગવાન રામચંદ્રજીના જન્મદિને નગરના મંદિરોમાં જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. વહેલી સવારથી રામ મંદિરો ભાવિકોથી છલકાયા હતા. સેક્ટર-૨૯ના જલારામ ધામ ખાતે મધ્યાહ્ને ૧૨ વાગ્યે રામજન્મોત્સવ પ્રસંગે મહાઆરતી યોજાઈ હતી. (તસવીર : દિપક જાની)



પોલીસ પોઈન્ટ ચોકી - ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા જ-૭ પાસે ઉભી કરાયેલી પોલીસ પોઈન્ટ ચોકી બિસ્માર હાલતમાં જોતા શરમ અનુભવાય છે... વીવીઆઈપી ઝોન જ્યાં પૂરો થાય છે અર્થાત મુખ્યમંત્રી અને મંત્રીઓના નિવાસસ્થાનના પડછાયા જ્યાં પડે છે એ જ-માર્ગના અંતિમ છેડે કેવી લાચાર સ્થિતિમાં આ પોલીસ પોઈન્ટ ચોકી ઉભી છે.... કદાચ ગ્રાન્ટ ન હોય અને હાલ દુરસ્ત ના કરાવી શકાતી હોય તો કમસેકમ એને હટાવી લેવાય તો 'વિકાસ'ની વ્યાખ્યામાં કાળુ ટપકું તો ન લાગે....!!! (તસવીર : કશ્યપ નિમાવત)

# નગરમાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

## અખંડ રામધૂન, મહાઆરતી, સુંદરકાંડ, રામસ્તુતિ અને યજ્ઞ સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : નોમના દિવસે સેક્ટરોમાં આનંદના ગરબાએ પણ ભક્તિનો રંગ જમાવ્યો

ગાંધીનગર, તા. ૮

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામની જન્મજયંતિ નિમિત્તે આજે મંદિરોમાં ભાવિકોની ભીડ જામી હતી. અયોધ્યામાં ચૈત્ર સુદ નોમના દિવસે જન્મેલા ભગવાન રામનું જીવનચરિત્ર જ ભક્તો માટે આદર્શ સંદેશારૂપ છે. રામનવમીની ઉજવણી અન્વયે જિલ્લાના વિવિધ મંદિરોમાં રામજન્મોત્સવ ઉપરાંત વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદરકાંડ, અખંડ રામધૂન, ભજન, મહાઆરતી તેમજ યજ્ઞ અને રામ સ્તુતિ સહીતના વિવિધ કાર્યક્રમોમાં દર્શનનો લાભ લેવા ભાવિકોની ભીડ ઉમટી હતી.

રાજગાદી છોડી ચૌદ વર્ષનો વનવાસ ભોગવી ત્યાગની ભાવનાવાળુ જીવનચરિત્ર ધરાવતા ભગવાન રામ આપણને રામ રાજ્યની પણ યાદ અપાવે છે. રામનવમીની ઉજવણી અન્વયે શહેર અને જિલ્લામાં ભાવિકોમાં અનોખો હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. સવારથી જ મંદિરોમાં ભગવાનના દર્શન માટે ભાવિકોની ભીડ જામી હતી. મંદિરો ઉપરાંત ઘરોમાં પણ રામનવમીની ઉજવણી અન્વયે ભજન તેમજ રામ સ્તુતિના કાર્યક્રમમાં ભાવિકો તલ્લીન જોવા મળ્યા હતા. જ્યારે નોમનો દિવસ હોવાથી ચૈત્રી નવરાતના અંતે આદ્યશક્તિની આરાધના માટે પણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સે. ૧ સ્થિત ગાયત્રી મંદિર ખાતે ૧૧ કુંડીય ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનવમી નિમિત્તે ભાવિકો દ્વારા ઉપવાસ રાખીને ભગવાન રામની વિશિષ્ટ પૂજા અર્ચના કરવામાં આવી હતી. શહેરના મંદિરોમાં બપોરે ૧૨ કલાકે મહાઆરતી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સે. ૨૨ પંચદેવ મંદિર ખાતે મહાઆરતી અને સુંદરકાંડના પાઠનું આયોજન

● અનુસંધાન પાન-૭ પર

# શેરથા પાસે ટ્રકો ઉભી રખાવી ધોકાવાળી

## કહેવાતા જીવ દયા પ્રેમીઓએ ઘેટા બકરા ભરેલી ૪ ટ્રકો ઉભી રખાવી હતી : પરમીટ બતાવી તો ફેંકી દઈને ૮ ડ્રાયવર-કલીનરને ધોઈ નાંખ્યા : ૨૦ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૮

રાજસ્થાનથી અમદાવાદ રાણીપ વિસ્તારમાં ઘેટાં બકરા ભરીને લઈ જવાતી ૪ ટ્રકોને આજે વહેલી સવારે કલોલ પાસે શેરથા નજીક કહેવાતા જીવ દયા પ્રેમીઓના ટોળાએ રોકી તેના ડ્રાઈવરએ પરમીટ બતાવી તેમ છતાં ધોકાવાળી કરીને ૮ને ઘાયલ કર્યા હતા. આઠેય ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. અડાલજ પોલીસે ડ્રાયવરની ફરિયાદને આધારે ૨૦ જણાના ટોળાસામે ગુનો નોંધી પીએસઆઈ રાણાવતે વધુ તપાસ શરુ કરી છે.

રાજસ્થાના સાંચોર અને બાડમેર વિસ્તારમાંથી ઘેટા બકરા ભરીને ૪ ટ્રકો અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવલી બકરીમંડી તરફ આજે વહેલી સવારે લઈ જવાઈ રહી હતી ત્યારે કલોલ હાઈવે પર શેરથા પાસે ઉભા રહી ગયેલા કહેવાતા જીવ દયા પ્રેમીઓના ટોળાએ ચારેય ટ્રકો ઉભી રખાવી દીધી હતી. ટ્રક ચાલકોએ પરમીટ બતાવી પરંતુ ટોળાએ પરમીટ ફેંકી દીધી અને લાકડીઓ વડે ફરી વળ્યા હતા. ચારેય ટ્રકના ડ્રાયવર કલીનર મળીને ૮ને ઈજાઓ થતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. અડાલજ પોલીસે ડ્રાયવર મકારખાન સુમારખાન મોમીનની ફરિયાદને આધારે હુમલાખોરો સુનિલ ઈશ્વર રબારી, ભરત કાનજી રબારી, કિરણ શાહર રબારી, પ્રવિણ જીવણ રબારી, મિતુલ જાવણ રબારી, કેતન મફા રબારી સહીત ૨૦ જણાના ટોળા સામે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# મોદી આજે મહારાષ્ટ્રમાં ત્રણ સભા સંબોધશે

અમદાવાદ, તા.૦૮

ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૯-૪-૧૪ને બુધવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મહારાષ્ટ્ર ખાતે ત્રણ અને કર્ણાટક ખાતે ૧ એમ કુલ ચાર ચૂંટણી સભાઓ સંબોધશે. દરમિયાન અબડાસા વિધાનસભાની પેટા ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર શક્તિસંહ ગોહિલ આવતીકાલે તા. ૯ એપ્રિલ ૨૦૧૪ને બુધવારનાન રોજ સવારના ૧૧:૦૦ કલાકે ડેપ્યુટી કલેક્ટર નલીયાના કાર્યાલય ખાતે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે અને ત્યારબાદ રાજપુત સમાજ વાડી, (મુ.) નલીયા ખાતે મતવિસ્તારના આગેવાનો તથા કાર્યકર્તાઓનું જનસંમેલન મળશે.

# આપ દ્વારા બે લોકસભા અને બે વિધાનસભાના ઉમદવારો બદલાયા

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ૭ બેઠકોની પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો એક દિવસ જ બાકી છે. અર્થાત ગણત્રીના કલાકો રહ્યા છે ત્યાં આજે આમ આદમી પાર્ટીએ તેના ૪ ઉમેદવારોમાં બદલાવ કરવાનો નિર્ણય કરી એક રાજકીય આશ્ચર્ય સર્જયું છે.

આમ આદમી પાર્ટીના સત્તાવાર સાધનો ઉમેદવારોમાં કરાયેલા બદલાવ માટે એક ઉમેદવારની અસમર્થતા તો અન્ય ૩ એ ઉમેદવારી રદ કરવા માટે કરેલી રજુઆતને ધ્યાને લઈ બદલાવ કરાયાનું જણાવ્યું છે.

આમ આદમી પાર્ટી ગુજરાતની બધી જ લોકસભા બેઠકો પરથી લોકસભા ચૂંટણીઓ લડી રહી છે. ગુજરાતની ૨૬ બેઠકો પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવારો જાહેર થઈ ગયા છે. જેમાંથી ૨ લોકસભા ઉપર અને ૨ વિધાનસભા બેઠક ઉપર ઉમેદવાર બદલવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીની રાજકોટ લોકસભા બેઠક ઉપર યુવા મહિલા ઉમેદવાર પીનાલબહેન સાવલિયાને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેઓ ચૂંટણી લડવા અસમર્થ હોઈ નવા ઉમેદવાર તરીકે સામાજિક કાર્યકર અંકુર ધામેલીયાને ઉમેદવાર જાહેર કર્યા છે. ઉપરાંત આ આદમી પાર્ટીની અબડાસા વિધાનસભા બેઠકના ઉમેદવાર સુરાજસિંહ સોઢા, વિસાવદર વિધાનસભાના ઉમેદવાર ધીરુભાઈ ભાખર અને બારડોલી લોકસભા બેઠકના ઉમેદવાર ઠાકોરભાઈ ગામીએ અંગત કારણોસર પોતાની ઉમેદવારી રદ કરવા અરજ કરી હતી. આ આદમી પાર્ટીએ બારડોલી લોકસભા બેઠક ઉપર નવા ઉમેદવાર તરીકે ચંદુભાઈ ચૌધરી અને અબડાસા વિધાનસભા બેઠક ઉપર રોહિતભાઈ ગોર અને વિસાવદર વિધાનસભા પર કનકરાય કાનાણીને મેદાને ઉતાર્યા છે.

# આપના સુનીલ કુલકર્ણી વડોદરાના ઉમેદવાર

ગાંધીનગર, તા. ૮

લોકસભાની ચૂંટણી જાહેર થતા સાથે જ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટ, કોમ્યુનલ અને ચારિત્રહીન રાજનેતાઓને પવિત્ર સંસદમાં નહિ જવા દેવાના નિર્ધાર સાથે ૧૬૫ આ પ્રકારના દાગ ધરાવતા રાજકારણીઓની યાદી બહાર પાડી હતી. તેના ભાગરૂપે અત્યાર સુધીમાં કુલ ૪૦૦થી વધુ બેઠકો ઉપર ભારત ભરમાં આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારો ઉતાર્યા છે. આજ સંઘર્ષના ભાગરૂપે ભારતની ચૂંટણીઓના ઈતિહાસમાં પહેલીવાર ભ્રષ્ટાચારના પ્રતિકોને રોકવા ડૉ. કુમાર વિશ્વાસ અમેઠીથી રાહુલ ગાંધી સામે અને અરવિંદ કેજરીવાલ વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડી રહ્યા છે. મોદી લહેરના જુઠાણા પાછળ અરબો રૂપિયાનું આંધણ કરનાર નરેન્દ્ર મોદી વડોદરાથી પણ ચૂંટણી લડવાની જાહેર કરીને એ સ્વીકાર્યુ છે કે દેશમાં તેમની કે ભાજપની કોઈ લહેર નથી.

આમ આદમી પાર્ટીએ વારાણસી બેઠક ઉપર નરેન્દ્ર મોદી સામે એક મજબુત વિકલ્પ તરીકે અરવિંદ કેજરીવાલને ઉતાર્યા છે ત્યારે વડોદરામાં પણ મજબુત ઉમેદવાર ઉતારવા કટિબદ્ધ હોવાથી ઉમેદવારની પસંદગીમાં વિલંબ થયો હતો. આજે આમ આદમી પાર્ટીએ સુનીલ કુલકર્ણીને આમ આદમી પાર્ટીના વડોદરાના ઉમેદવાર તરીકે જાહેર કર્યો છે. આ નામની ઘોષણા સાથે જ વડોદરા અને સમગ્ર ગુજરાતના કાર્યકર્તાઓમાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું છે. સોશિઅલ મીડિયા ઉપર પણ આમ આદમી પાર્ટીના કાર્યકરોની ગતિવિધિઓમાં અચાનક ઉછાળ જોવા મળ્યો હતો. વડોદરા ઓફિસે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓનો ઘસારો જોવા મળ્યો હતો.

આમ આદમી પાર્ટી ગુજરાત એકમ અને સુનીલ કુલકર્ણીએ જણાવ્યું હતુ કે આમ આદમીના પ્રશ્નોને લઈને તેઓ નરેન્દ્ર મોદીને સીધી અને મજબુત ટક્કર આપશે.



અમદાવાદથી નીકળેલા કાલુરામ રાવલ સાયકલ પ્રવાસ દ્વારા ભાજપાનાં વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદીનાં પ્રચાર અર્થે નીકળ્યા છે. સાત દિવસ બાદ રાજસ્થાન 'પાલી' પહોંચશે. રોજનાં ૭૦ થી ૮૦ કિમી સાયકલ ચલાવી ગામેગામ પ્રચાર કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગના અભાવે વાહનચાલકોને વિઝન મળતું નથી

## રોપાઓનું સમયાંતરે ટ્રીમીંગ ન થતા વાહનચાલકોને રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી

ગાંધીનગર, તા.૮

શહેરના વિવિધ માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પધ્ધતિસર પ્લાન્ટેશનના અભાવે વાહનચાલકોને યોગ્ય વિઝન મળતું નથી. ક્રોસિંગ પોઈન્ટસ પર સામેથી આવતા વાહનનો ખ્યાલ ન રહેતા ગમે ત્યારે જાન લેવા અકસ્માત સર્જાય તેવી દહેશત છે.

શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનું યોગ્ય ટ્રીમીંગ ન થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. વૃક્ષોની ડાળીઓનું સમયસર ટ્રીમીંગ ન થતા સેકટરોમાં આંતરિક માર્ગો પર સ્ટ્રીટલાઈટનું યોગ્ય અજવાળું ન પથરાતું હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જેને ધ્યાને લઈ સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોનું સમયસર ટ્રીમીંગ કરવા વન વિભાગને રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ શહેરના મુખ્ય માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ પ્લાન્ટેશન વિસ્તરતા વાહનચાલકોને માર્ગ ઓળંગતી વેળા યોગ્ય વિઝન મળતું નથી. શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ'

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૪ શાકમાર્કેટમાં ચોરીનું લેપટોપ વેચવા નીકળેલો શખ્સ ઝડપાયો

## ૪ મહિના પહેલા સરકારી પોલીટેકનીક કોલેજમાં ભણતો હતો ત્યારે ચોરેલા લેપટોપ અને મોબાઈલ સાથે વિદ્યાર્થીની ધરપકડ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સેકટર-૨૪ના શાકમાર્કેટમાં એક શખ્સ ચોરીનું લેપટોપ અને મોબાઈલ વેચવા ફરતો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે વોચ ગોઠવીને ગઈ સાંજે એકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી મળી આવેલા લેપટોપ અને મોબાઈલ અંગે કડક પુછતાછ કરતા તેને કબુલી લુધીં હતું કે ૪ મહિના પહેલા તે સરકારી પોલીટેકનીક કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેણે ત્યાંથી ચોરી કરી હતી. એલ.સી.બી. એ ચોરીના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પી.એસ.આઈ. એચ.કે. સોલંકી, હે.કો. રાજેન્દ્રસિંહ, પો.કો.

● અનુસંધાન પાન-૭ પર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૧-૪-૨૦૧૪, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ખાંટવાસ પી.એમ.ટી.

સહી/-

ટોરેન્ટ પાવર લિમિટેડ

## બેસણું



અમારા પૂજ્ય પિતા **મોહબતસિંહ વિશાજી ગોહિલ**નું તા. ૩-૪-૨૦૧૪ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૦-૪-૨૦૧૪ને ગુરૂવારના રોજ ૧૦-૩૦ થી ૩-૦૦ કલાક** દરમિયાન અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન**
દરબાર વાસ,
મુ.પો. ઈન્દ્રોડા
તા.જી. ગાંધીનગર

લી.
દિલાવરસિંહ મોહબતસિંહ ગોહિલ
મનજીતસિંહ મોહબતસિંહ ગોહિલ
નરેન્દ્રસિંહ તેજન્દ્રસિંહ બિહોલા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com